સાલ ૧૯૯૩ માં ધોરણ ૧૨ની પરિક્ષા આપી બહાર નીકળેલ એક યુવક વિચારે છે કે હવે કામ ધંધો કરી મારા માતાપિતાનો બોજો થોડો ઓછો કરું અને ઘરે જઈને તે તેના પિતાને આ વાત કરે છે તેમના પિતા કહે છે તું ખેતીકામ માં આવી જા આપણે બીજાની વધુ ૨૦ વીઘા જમીન વાવવા રાખી લઈશું અને આ યુવકે પિતાની સાથે ખેતીકામમાં કામ કરવાનું શરુ કર્યું યુવાનીનું જોશ હતું ખેતઉપજ પણ વધવા લાગી પણ યુવકની માંને આ વાત મંજૂર નહોતી. દિકરાને માતાએ કહ્યું અમે તો રાત દિવસ મજૂરી કરી પણ તમને પૂરું ભણાવી પણ શક્યા નહિ જે કષ્ટ અમે ભોગવ્યું છે એનો પડછાયો પણ મારા સંતાનો પર પડે એવું ઈચ્છતી નથી તો તું ખેતી છોડી બીજું કંઈક કામ કર, તારા ભાગનું કામ હું કરી લઈશ. માતાની વાત સાંભળી આ યુવાન ધંધા વિષે વિચારવાનું શરુ કરે છે આ યુવાન એટલે આજના પટેલ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ(વાંકાનેર) કંપનીના નામાંકિત અને પ્રતિષ્ઠિત ફાઉન્ડર અને માલિક હરેશભાઈ પટેલ!! પટેલ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ 'શ્રી ઉમિયા' બ્રાન્ડ હેઠળ એગ્રીકલ્ચર ઈક્વિપમેન્ટ ઉત્પાદન સેક્ટરમાં એક વિશ્વસનીય બ્રાન્ડ છે

હરેશભાઈ જણાવે છે તે સમયે રજાના દિવસોમાં હળવદના દેવડીયા ગામે લુહારી કામ કરતા તેના મામાને ઘરે જતા તો તેના મામાને કામ કરતા જોઇને તેમને રસ પડતો. હરેશભાઈએ તેના મામા અને નાનાને કહ્યું કે મારે આ લોખંડનું કામ કરવું છે પણ બધા એ જ કહેતા કે આ કામ શરુ કરવા માટે નાણા જોઈએ, તારી પાસે કેટલા પૈસા છે? તેમની પાસે એનો કોઈ જવાબ નહોતો. હવે એ નક્કી કરે છે જે કામમાં રોકાણની જરૂર ન હોય એવો ધંધો વ્યવસાય શરુ કરવો , તેમના મામાનો દીકરો સુરતમાં વિડીયોગ્રાફી સ્ટુડીઓ ચલાવતો હતો તો થોડા સમય તેમની સાથે ત્યાં કામ કરે છે. મામાનો દીકરો એકલો રહેતો હોય બહાર જમવું પડતું અને ડાયમંડ ફેક્ટરીમાં સુઈ રહેવું પડતું થોડા સમય પછી તબિયત બગડવા લાગી અને ૧૫ દિવસ તબિયત નહિ સુધરતા ઘરે પરત ફરે છે. ત્યારબાદ તેમની માતા તેમને સુરત જવા દેતા નથી પછી એક જ ધંધો હતો કે મામાની હીરા ઘસવાની ઘંટી પર હીરા ઘસવાનું કામ કરવું પણ તેમને મામાના લુહારી કામમા રસ પડતો તો મામાના લુહારીકામમાં કામ કરવાનું શરુ કર્યું તેમના મામાએ તેમને પ્રોત્સાહન આપ્યું તે સમયે તેમના મામા વર્કશોપમાં ખેત ઓજારો બનાવતા જેની ખુબ ડિમાન્ડ હતી. ત્રણ વર્ષના અનુભવ પછી હરેશભાઈના દાદા અને નાનાએ ઘરની બાજુમાં જ એક વર્કશોપ બનાવી આપ્યું હવે વર્કશોપ મશીનરી ખરીદવા માટે મુશ્કેલથી ૩૫૦૦૦ની લોન મળી જેમાંથી એક હેમર મશીન લીધું બાકીના મશીનો મામા એ આપ્યા. મામા અને નાનાએ મળીને બધા મશીનો ફીટ કરાવી વર્કશોપ તૈયાર કરી આપ્યું. આ સમયગાળા દરમિયાન તેમના ભાઈ જેમનું નામ પરેશ હતું એ દશમાં ધોરણમાં સારા માર્ક સાથે પાસ થાય છે અને ગાંધીનગરમાં આગળ ભણવા માટે એડમિશન લઈને આવેલ હોય છે. હરેશભાઈને મનમાં હતું કે હવે ખુબ કામ કરીને ભાઈ–બેનોને ભણાવીશ, વર્કશોપના ઉદ્ઘાટનમાં આવેલ સગાસબંધીમાંથી કોઈ કહે છે તારી પાસે એટલા મશીનો હજી નથી તો તારે કટિંગ બેન્ડીગ કરવામાં હથોડો કોણ કરશે? ત્યારપછી બંને ભાઈઓ વર્કશોપમાં કામ કરવા લાગે છે અને ખેતીકામ પણ કરતા રહે છે. પરેશભાઈ હેમર મશીન ચલાવતા શીખી લે છે અને હરેશભાઈ વેલ્ડીંગ કામ કરવા લાગે છે ધીરે ધીરે ઘરની સ્થિતી સુધારવા લાગી અને ભાઈઓના લગ્ન થયા આ દરમિયાન ગામમાં બેન્ડપાર્ટી શરુ કરી તેમાં મળતા પૈસા દ્વારા ગાયોને નીરણ નાખવાનું એક સામાજિક કાર્ય પર શરુ થયું! ત્યારપછી ગામમાં એક ગૌશાળાનું નિર્માણ પણ કર્યું. 'પટેલ સેલ્સ એજન્સી' નામની પેઢી ખોલી સિમેન્ટ એજન્સી લઇ તેમના પિતાને ખેતીકામમાંથી નિવૃત કર્યા અહીંથી હવે પટેલ સેલ્સ એજન્સી લુણસરમાં શરુ થાય છે જ્યાં તેઓએ ટ્રેક્ટર ટ્રેઈલર અને પ્લાઉ બનાવવાની શરૂઆત કરી, પહેલું જ પ્લાઉ ખામીરહિત બન્યું, બીજા કોઈના ટ્રેક્ટરમાં પર્ફોમન્સ ચેક કરવા જતા પ્લાઉનું પર્ફોમન્સ જોઈ ટ્રેક્ટરવાળાએ કહ્યું મને આ પ્લાઉ કેટલા રૂપિયામાં આપશો? હરેશભાઈ આ પ્લાઉ માર્કેટ કરતા ઓછા પૈસામાં ટ્રેક્ટર વાળાને આપે છે કેમ કે જયારે ટ્રેક્ટરની જરૂર પડતી ત્યારે એમને એ ટ્રેકટર આપતા હતા ત્યાર પછી પાંચ પ્લાઉ બનાવ્યા એ પણ તરત વેચાય ગયા.

હરેશભાઈના મિત્ર ટી.ડી.પટેલ એમને કહેતા કે આગળ આવવું હોય તો શહેરમાં આવી જા પણ હરેશભાઈ કહેતા જયારે એમની પાસે એવી કોઈ પ્રોડક્ટ હશે તો ચોક્કસ આવીશ. હરેશભાઈ પછી વાંકાનેર ગયા ત્યાં ભાડાની જગ્યા લીધી ત્યાં પ્લાઉ અને સીડ ડ્રીલ બનાવતા લાગ્યા. બે વર્ષમાં તેમણે એક પ્લોટ ખરીદી ફેક્ટરી શરુ કરી અને થોડા ટાઈમમાં બીજો પ્લોટ પણ ખરીદી લીધો તે સમયે લુણસરનું વર્કશોપ તેમના બીજા ભાઈ વિપુલભાઈ ચલાવતા પણ હરેશભાઈને લાગ્યું કે ભવિષ્ય અહીં છે એટલે વિપુલભાઈને અહીના બિઝનેસમાં બોલાવી લીધા. બિઝનેસ વધતો ગયો એટલે ગુજરાતની બહાર મધ્યપ્રદેશ અને આંધ્રમાં પણ પ્લાઉ વેચાણ થવા લાગ્યા પણ પટેલ સેલ્સ એજન્સી નામે લોકોને મેન્યુફેક્ચરર નહિ પણ ટ્રેડર લાગતા આજનું 'પટેલ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ' નામ રાખવામાં આવ્યું. ધીમે ધીમે ભારતમાં તેમના પ્લાઉનું વેચાણ વધતું ગયું જેમાં જરૂરિયાત અનુસાર ૫૦થી વધુ અલગ અલગ ડીઝાઇન ઉપલબ્ધ કરવામાં આવી છે આજે પટેલ એગ્રો ઇન્ડસ્ટ્રીઝ 'શ્રી ઉમિયા–બ્રાન્ડ' થી સમગ્ર ભારતમાં બિઝનેસ કરે છે. પટેલ એગ્રો ઈન્ડસ્ટ્રીઝને એવોર્ડ વિજેતા બનવા બદલ હરેશભાઈ પટેલ, પરેશભાઈ પટેલ તેમજ વિપુલભાઈ પટેલ અને તેમની કંપનીના કર્મચારીઓને ખુબ ખુબ અભિનંદન !

An ISO 9001:2015 Certified Company
Shree UMIYA®
THE PLOUGHING REVOLUTION®
PATEL AGRO INDUSTRIES

# AWARDS WINNERS MORBI DISTRICT

## Agriculture Equipemt

| Name of Award | Name of Company | Products/Services | City |
|---|---|---|---|
| **The Best Company of The Year -2024** (Under Agriculture Equipemt , Morbi Dist., Saurashtra Region,Gujarat Category) | Patel Agro Industries Shree Umiya Brand | HYDRAULIC REVERSIBLE PLOUGH | wankaner Dist.Morbi |

## Automation

| | | | |
|---|---|---|---|
| **The Best Mfg. & Trading Company - 2024** (Under Ele.Automation,Panel Board & Automations Goods Morbi Dist., Saurashtra Region,Gujarat Category) | Time Automation System | Ele.Automation,Panel Board & Automations Goods | Morbi |

## Ceramic Raw Material & Chemicals

| Name of Award | Name of Company | Products/Services | City |
|---|---|---|---|
| **The Best Company of The Year -2024** (Under Ceramic Raw Material & Chemicals , Mines Owner, Morbi Dist., Saurashtra Region,Gujarat Category) | Ramdev Suppliers | Ceramic Raw Material & Chemicals Mines Owner | Morbi |
| **The Best Trader of The Year -2024** (Under Ceramic Raw Material & Chemicals , Morbi Dist., Saurashtra Region,Gujarat Category) | Kush Traders | China Clay Trader | Morbi |

## Tools & Nachinery/Plants

| | | | |
|---|---|---|---|
| **The Best Company of The Year -2024** (Under Ceramics Spray Drayers & Ceramic Machinery, Morbi Dist., Saurashtra Region,Gujarat Category) | Vaishali Industries | Ceramics Spray Drayers & Ceramic Machinery | Morbi |
| **The Best Company of The Year -2024** (Under Tools & Machinery , Morbi Dist., Saurashtra Region,Gujarat Category) | Shreeji Machine Tools | Fly ash bricks machine mould | Morbi |

# AWARDS WINNERS JAMNAGAR DISTRICT

## Brass Components

| Name of Award | Name of Company | Products/Services | City |
|---|---|---|---|
| The Best Company of The Saurashtra 2024 (Under Quality Brass Electric Components,Jamanagar Dist.Saurastra Region,Gujarat Category) | Shree Laxmi Brass Industries | Brass Components | Jamnagar |

## Brass extrusion

| Name of Award | Name of Company | Products/Services | City |
|---|---|---|---|
| **The Best Brass Extrusions Industry-2024**<br>The Best Company of The Year-2024 (Under Brass extrusion Category, Jamnagar Dist., Saurashtra Region,Gujarat Category) | Able Brass Industries | Brass Extrusions including extruded brass rods, extruded brass section, and extruded brass profiles | Jamnagar |

## Machinery

| Name of Award | Name of Company | Products/Services | City |
|---|---|---|---|
| The Best Industry of The Year - 2024 (Under Woodworking Machinery .Bhanvad ,Jamanagar Dist.,Saurastra Region,Gujarat Category) | Mistry industries | Woodworking Machinery | Bhanvad |

## Brass Hardware Parts

| Name of Award | Name of Company | Products/Services | City |
|---|---|---|---|
| **The Best Brass Hardware Parts Industry-2024**<br>The Best Company of The Year-2024 (Under Brass Hardware Category, Jamnagar Dist., Saurashtra Region,Gujarat Category) | Sunrise Industries | Brass Hardware | Jamnagar |

# સૌરાષ્ટ્રમાં ઉદ્યોગો માટે આજ અને આવતીકાલ ઉજળી છે.




**સૌ**રાષ્ટ્રમાં ઉદ્યોગો માટે આજ અને આવતીકાલ ઉજળી છે રાજકોટમાં હાલ એમએસએસઇ ક્ષેત્રના ૪૦ હજારથી વધુ ઉદ્યોગો ધમધમે છે મોરબીલ જામનગર પણ બમણા વેગથી દોડે છે.

રાજકોટનો ઔદ્યોગિક વિકાસની દ્રષ્ટીએ એક નજર નાખીએ તો અગાઉ જે રાજકોટ MSME ક્ષેત્રે એક અંદાજ મુજબ ૧૦,૦૦૦ થી ૧૨૦૦૦ જેટલા ઉદ્યોગો કાર્યરત હતા તે આજની સ્થિતિએ ૪૦,૦૦૦ નો આંક વટાવી ગયા છે. ૧૦ વર્ષ માટે ઇપીફ રીએમ્બર્શમેન્ટ યોજના તાજેતરમાં જાહેર કરેલ જે અન્વયે આ વિકાસમાં હજુ ઉતારોત્તર બમણો વિકાસ સધાવવાની પુષ્કળ તકો જણાઈ રહી છે. છે.

રાજકોટના ઓટો પાર્ટસના હબ વિષયક વાત કરીએ તો એક સમયે જૂજ ઉદ્યોગો આ ક્ષેત્રમાં કાર્યરત હતા તે આજના દિવસે ઓટોમાઇઝેશન આવતા ક્વોલીટી બેઝ ક્સેપ્ટને અનુસરતા કલશ્રઈ> પ્રીસીશન વર્કસ ડેવલપ થતાં વિદેશની કંપનીઓની હરિફાઈમાં ટક્કર મારવાને લીધે રાજકોટની નાનામાં નાની પ્રોડક્ટસ જેમકે સાઇકલ પાર્ટસથી લઈને સબમરીન, એરકાફટ, ઓટો કાર—બાઇક વિગેરેના પાર્ટસ આજ રાજકોટના વિદેશોમાં સારી માંગ વર્તાઇ રહેલ છે અને નિકાસમાં મોટી માંગ ઉપજાવી શકેલ છે. આવનારા દિવસોમાં આ ક્ષેત્રે ઇનોવેશન આવતા ઇલેક્ટ્રીક કારનું વેંચાણ વધતાં આ ઓટો હબનું ભાવી ખુબ ઉજળું દેખાઈ રહેલ છે એવું માર્કેટ એક્સપર્ટ જણાવી રહ્યા છે, હજુ પણ આ ઇન્ડસ્ટ્રિઝની માંગ વધવાને કારણે રાજકોટમાં આ ઓટો ઇન્ડ્સ્ટ્રિઝનું ભાવી વધુ ઉજળું જણાઈ રહેલ છે .

એક એગ્રીકલ્ચર ઇન્ડ્સ્ટ્રિઝની વાત જણાવીએ તો સબમર્શિબલ પમ્પ ઉદ્યોગ એક સમયે રાજકોટમાં ૨૦૦ થી ૨૫૦ જેટલા ઉદ્યોગો હતા તે આજના નવી ટેકનોલોજીકલ ઇનોવેશનને લઈને આ ક્ષેત્રે એક હરણફાળ વિકાસ થઈ રહેલ છે અને આજના સમયે સબમર્શિબલ પમ્પમાં ૧૨૦૦ જેટલા ઉદ્યોગો પ્રસ્થાપિત થયેલ છે અને તેમાં પણ ટેકનોલોજી ક્ષેત્રમાં નવા નવા સુધારો કરવામાં આવતા




આ ઉદ્યોગનું ભાવિ હજુ પણ ઉજળું જણાઈ રહેલ છે. આજ પ્રમાણે રાજકોટના કિચનવેર ઇન્ડ્સ્ટ્રિઝ જે એક સમયે ૨૦૦ થી ૩૦૦ જેટલા ઉદ્યોગો સ્થાપિત હતા તે નવી ટેકનોલોજીએ અને મોર્ડનાઇઝેશન ક્ન્સેપ્ટ અપનાવીને ઉદ્યોગમાં ઉત્તરોત્તર ૯૦૦ થી ૧૨૦૦ જેટલા ઉદ્યોગો કાર્યરત થયેલ છે. હાલ નવી ટેકનોલોજી એ અને ક્વોલિટી પ્રોડકસને કારણે રાજકોટનો આ કિચનવેર ઉદ્યોગ ચાઇનાને ટક્કર મારવા આગળ વધી રહેલ છે અને હજુ પણ આ કિચનવેર ઉદ્યોગ નવા યુનિટ આવવાની પૂરે પૂરી શક્યતાઓ જણાઈ રહેલ છે. રાજકોટમાં રીઅલ એસ્ટેટના હરણફાળ વિકાસની સાથો સાથ હાર્ડવેર ઉદ્યોગો જે રાજકોટમાં નહીવત હતા તે આજે ટેકનોલોજી સાથે ડગલે ને પગલે સ્વીકારીને આજે ૧૨૦૦ જેટલા હાર્ડવેર ઉદ્યોગો આગળ વધી રહેલ છે અને હજુ પણ નવા ઉદ્યોગો સ્થાપાય તેની પૂરે પૂરી શક્યતાઓ રહે છે.

રાજકોટમાં ડીફેન્સ પ્રોડક્ટ્સમાં કામગીરી આગળ ધપી રહેલ છે અને નજીકના ભવિષ્યમાં હથિયાર–ઓઝારો ક્ષેત્રે નવું પદાર્પણ થાય એમાં કોઈ શંકાને સ્થાન નથી. મહિલા ઉદ્યોગ સાહસિક દ્વારા હથિયાર બનાવવા માટેના પ્રોજેકટ અંગે આગળ વધી રહ્યા છે એવું ધ્યાન ઉપર આવેલું છે અને તેના પરિણામ સ્વરૂપે આ ડીફેન્સ પ્રોડક્ટસ ક્ષેત્રે એક આકર્ષણ સાબિત થઈ રહેશે.




મોરબીનો સિરામિક ઉદ્યોગ એક સમયે ખૂબ જ નાના પાયામાં ચાલતો હતો જે આજે નવી ટેકનોલોજી અમલ કરીને દેશ દુનિયામાં ખ્યાતિ મેળવેલ છે અને એક અંદાજ મુજબ ૫૦૦થી વધુ ઉદ્યોગો મીડીયમ સ્કેલ હેઠળ સ્થાપિત થયા છે

આ ક્ષેત્રે કોઈપણ સાઈઝમાં ટાઇલ્સ બનાવવાનું કામ મોરબીના ઉદ્યોગોને ફાળે રહેલ છે. તે એક અજાયબી કહેવાય અને ચાઇનાની પ્રોડકટ્સ ને હંફાવી નિકાસ ટાઇલ્સ ક્ષેત્રે આગળ વધી રહેલ છે અને હજુ પણ સીરેમિક ઉદ્યોગનું ભાવિ ઉજળું જણાઈ રહ્યું છે.જામનગર એ બ્રાસપાર્ટ્સ ઉદ્યોગનું હબ તરીકે ભારત અને વિશ્વભરમાં ખ્યાતિ મેળવી ચૂકી છે.

આ ઉદ્યોગ MSME ક્ષેત્રે ખુબજ વિકસીત થયેલ છે અને આવનારા દિવસોમાં હજુ પણ નવા ઉદ્યોગો સ્થાપાય એવી પૂરી શક્યતા છે. આવનારા દિવસોમાં સૌરાષ્ટ્રનો નિરંતર વિકાસ થઈ રહેશે એમાં કોઈ શંકા જ નથી. આ વિકાસ થકી લોકોને નવી રોજગારી ઊજળી તકો રહેશે અને દેશના વિકાસ ક્ષેત્રે સારો એવો ફાળો સૌરાષ્ટ્રનો અનન્ય રહેશે એ સૌરાષ્ટ્ર માટે ગૌરવ સમાન રહેશે!

ACCELERATE YOUR BUSINESS WITH US!
www.gujaratindustrialtimes.com

| લેઆઉટ | એડવર્ટાઈમેન્ટ | સાઇઝ | સમય મર્યાદા | ₹ |
|---|---|---|---|---|
| | હેડર એડ બેનર | H-87 X W-721 Pixel | 1 વર્ષ<br>6 માસ | 8,000<br>6,000 |
| | સાઇડ બાર એડ બેનર | H-250 X W-300 Pixel | 1 વર્ષ<br>6 માસ | 6,000<br>4,000 |
| | વિડીયો એડવર્ટાઈઝ | HD | 1 વર્ષ<br>6 માસ | 5,000<br>6,000 |
| માર્કેટ પ્રમોશન લેખ | કંપની/પ્રોડક્ટ્સ પરિચય લેખ | આશરે ૨૦૦ થી ૩૦૦ શબ્દ કંપની/પ્રોડક્ટ્સ ફોટોગ્રાફ સાથે પરિચય લેખ વેબસાઈટ તેમજ ઈ-મેગેઝિનમાં કંપની વેબસાઈટ લિંક સાથે | | 8,000 |

Call: +91 9924 240334
/gujaratindustrialtimes
ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ટાઈમ્સ
www.gujaratindustrialtimes.com
VirginView Info.& Ad.Media

# સૌરાષ્ટ્રમાં એમ.એસ.એમ.ઇ.ના વિકાસ માટે ઔદ્યોગિક ક્લસ્ટર ઉપર ભાર મુકાશે

## એન્જિનિયરિંગ, જ્વેલરી, ફુડ, એગ્રો, ઓટો, પમ્પ, ટેક્સટાઈલ, જિનિંગ સહિતના વિવિધ કલસ્ટર બનાવવા અંગે કવાયત તેજ બની!

**સ્થા**નિકથી લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે અર્થ વ્યવસ્થામાં માઇક્રો સ્મોલ એન્ડ મીડિયમ ઇન્ડસ્ટ્રી (એમ.એસ.એમ.ઈ.)નું મહવનું યોગદાન છે. જેને ધ્યાનમાં રાખતા ૨૭મી જૂને વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય સુક્ષ્મ, લઘુ, મધ્યમ ઉદ્યોગ દિવસ (એમ.એસ.એમ.ઈ. ડે)ની ઉજવણી થાય છે. આ માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ મેક ઈન ઈન્ડિયા સ્ટાર્ટ અપ ઈન્ડિયા, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ વગેરે સ્કીમ શરૂ કરી છે.




ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર એમ.એસ.એમ.ઈ.ને વિકાસના ચાલકબળ તરીકે ગણીને પ્રોત્સાહન આપવાના આશયથી નવી ઔદ્યોગિક નીતિ ઉપરાંત ફેસિલિટેશન ઓફ એસ્ટાબ્લિશમેન્ટ એન્ડ ઓપરેશન એક્ટ–૨૦૧૯ પણ અમલી બનાવ્યો છે.

ઉદ્યોગની વાત આવે ત્યારે રાજકોટનું નામ મોખરે આવે છે. રાજકોટ જિલ્લામાં હાલની સ્થિતિએ ૧,૨૨,૧૧૪ એમ.એસ.એમ.ઈ. નોંધાયેલા હોવાનું જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજરશ્રીએ જણાવ્યું હતું. જિલ્લામાં ૫૬,૮૯૫ મેન્યુફેક્ચરિંગ યુનિટ છે જ્યારે ૬૫,૨૧૯ સર્વિસ ઈન્ડસ્ટ્રીઝ છે. જિલ્લામાં માઇક્રો સ્કેલના ૧,૧૭,૨૬૧ યુનિટલ સ્મોલ સ્કેલના ૪,૪૨૭ યુનિટ તથા મીડિયમ સ્કેલના ૪૨૬ યુનિટ કાર્યરત છે. મહત્વનું છે કે રાજકોટ તેમજ સૌરાષ્ટ્રમાં એમ.એસ.એમ.ઈ.ના વિકાસ માટે ઔદ્યોગિક ક્લસ્ટર બનાવવા પર ભાર મુકાઈ રહ્યો છે.




હાલ એન્જિનિયરિંગ અને ઓટોપાર્ટ્સ ક્લસ્ટર , કાસ્ટિંગ ક્લસ્ટર , ફૂડ ઇન્ડસ્ટ્રી, એગ્રો બેઝ્ડ ક્લસ્ટર, જેમ્સ અને જ્વેલરી, હાર્ડવેર, કીચનવેર,પેકેજિંગ, પ્લાસ્ટિકલ પમ્પ અને પાર્ટસ્, ટેક્સટાઈલ , જિનિંગ ક્લસ્ટર – એમ વિવિધ ક્લસ્ટર બનાવવા અંગે કવાયત તેજ બની છે. ઉદ્યોગની સ્થાપના પછી તેને વેગ આપવા ઔદ્યોગિક ઉત્પાદનોની તપાસણી અને પ્રમાણિકરણ તેમજ કુશળ માનવબળ ખૂબ મહત્વના છે.

સૌરાષ્ટ્રના વર્તમાન અને ઉભરતા સુક્ષ્મલ લઘુલ મધ્યમ કદના ઉદ્યોગકારોને પ્રોત્સાહન–સહયોગ આપવાના ઉદ્દેશ સાથે નેશનલ સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન– ટેક્નિકલ સર્વિસ સેન્ટર રાજકોટની સ્થાપના ૧૯૬૫માં કરવામાં આવી હતી. આ સેન્ટર દ્વારા કુશળ માનવબળ ઊભું કરવા વિવિધ કોર્સની તાલીમ અપાય છે તેમજ એન્જિન, મોટર,પમ્પ, મટિરિયલ ટેસ્ટિંગ, પ્લાસ્ટિક ટેસ્ટિંગ લેબ માટે ટેસ્ટિંગ સેન્ટરની સુવિધા ઊભી કરવામાં આવેલી છે. આ ટેસ્ટિંગ સેન્ટરને એન.એ.બી.એલ. અને બી.આઈ.એસ.ની માન્યતા પ્રાપ્ત છે. અહીના ટેસ્ટિંગ સેન્ટરમાં વર્ષે આશરે ૩૫૦૦ કરતાં વધુ ટેસ્ટ કરવામાં આવે છે.

સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે જમીન, મશીનરી અને માળખાકીય સુવિધાઓ સાથે તાલીમકુશળ માનવબળ પણ એટલું જ જરૂરી છે.

# UDYAM NUMBERS

| District | Micro | Small | Medium | Total |
|---|---|---|---|---|
| Ahmedabad | 4,00,003 | 18,790 | 2,233 | 4,21,026 |
| Surat | 38,0531 | 19,301 | 1,598 | 4,01,430 |
| Rajkot | 1,86,956 | 7,522 | 838 | 1,95,316 |
| Vadodara | 1,49,197 | 4,906 | 527 | 1,54,630 |
| Kutch | 73,217 | 3,771 | 420 | 77,408 |

Source: Ministry of Micro, Small and Medium Enterprises

રાજકોટમાં એમ.એસ.એમ.ઈ. એક્સટેન્શન સેન્ટર, ગીરનાર ટોકિઝ નજીક કાર્યરત છે. પશ્ચિમ ભારતનું આ એવું કેન્દ્ર છે ,જે ઉદ્યોગોની જરૂરિયાત મુજબ વિવિધ કોર્સ ડિઝાઈન કરીને તાલીમ આપવાનું કામ કરે છે. સેન્ટરના ડેપ્યૂટી ડાયરેક્ટરશ્રીના જણાવ્યા પ્રમાણે ઉદ્યોગોના વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા જે નીતિઓ અને યોજનાઓ અમલી બનાવાય છે , તે અંગેની તાલીમ ઉદ્યોગકારોલ મેનેજરો તેમજ તેમના સ્ટાફ તથા રોજગારવાંચ્છુ યુવાનોને આપવામાં આવે છે.

જેમ્સ અને જ્વેલરીના આશરે પંદર હજાર યુનિટમાં દોઢ લાખથી વધુ લોકો કરે છે. રાજકોટમાં જેમ્સ અને જ્વેલરીના આશરે પંદર હજાર યુનિટમાં દોઢ લાખથી વધુ લોકો કામ કરી રહ્યા છે. રાજકોટમાં ખૂબ મોટા પાયે ગોલ્ડ અને સિલ્વર જ્વેલરીનું પ્રોડક્શન થઈ રહ્યું છે ત્યારે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા એક વરસ અગાઉ રત્ન આભૂષણ સુવિધા કેન્દ્ર (કોમન ફેસિલિટી સેન્ટર)નું ઉદઘાટન કરાયું હતું. રાજકોટ જ્વેલરી ક્લસ્ટર ફેડરેશન દ્વારા આ સી.એફ.સી.નું સંચાલન કરવામાં આવે છે. જે.સી.એફ.આર.ના પ્રમુખ દિવ્યેશ પાટડિયાએ જણાવ્યું હતું કે સી.એફ.સી.માં રોજના આશરે ૩૦ જેટલા ધંધાર્થીઓ આવે છે. અહીં સમગ્ર રાજ્યના ધંધાર્થીઓને કોમ્પ્યુટર ટચ લેઝર સોલ્ડર, લેઝર માર્કિંગ, સી.એન.સી. કટિંગ, ડિઝાઈનિંગ, કેડ ડિઝાઈનિંગ, કેમ આર.પી.ટી., વાયર પાઈપ સીએનસી, ગોલ્ડ અને સિલ્વર રિફાઈનરી, ગોલ્ડ પ્યોરિટી એનાલિસીસ સહિતની સેવાઓ આપવામાં આવે છે. આ સી.એફ.સી.ના કારણે માર્કેટને લાઈટવઈટ જ્વેલરી બનાવવા માટે ડિઝાઈનિંગ મળશે. ઈટાલી અને જર્મનીમાં જે ડિઝાઈનના દાગીના બને છેલ તે અહીં બનાવીને નિકાસ કરી શકાશે.

## રાજકોટ જિલ્લો એન્જિનિયરીંગનું હબ

રાજકોટ જિલ્લો એન્જિનીયરિંગનું હબ છે. રાજકોટમાં જનરલ એન્જિનિયરિંગના ઉદ્યોગોને મશીન પાર્ટ્સ તેમજ સાધનોનું સમયાંતરે ચેકિંગ–ઇન્સ્પેક્શન અને કેલિબ્રેશન કરાવવાની જરૂરિયાત પડતી હોય છે. આ સેવાઓ સેન્ટ્રલ મેન્યુફેક્ચરિંગ ટેક્નોલોજી ઈન્સ્ટિટ્યૂટ–મેટોડા દ્વારા પૂરી પાડવામાં આવે છે. અહીંના સાયન્ટિસ્ટ રિજીયોનલ સેન્ટર ઈન્ચાર્જશ્રીએ જણાવ્યું હતું કે ,સી.એમ.ટી.આઈ.એ ભારે ઉદ્યોગ મંત્રાલય અંતર્ગતની સ્વાયત્ત સંસ્થા છે અને રાજકોટમાં તેની પ્રાદેશિક કચેરી છે.

આ સેન્ટર દ્વારા ઈન્સ્પેક્શન અને કેલિબ્રેશન, મટિરિયલ ટેસ્ટિંગ, મેટર્લજિકલ એનાલિસીસલ મશીન ટૂલ્સ ટેસ્ટિંગ, રિવર્સ એન્જિનિયરિંગ, કન્સલ્ટન્સી સહિતની સેવાઓ આપવામાં આવે છે. આ સેન્ટરની વર્ષે આશરે ૪૫૦થી ૫૦૦ ઉદ્યોગકારો સેવા લે છે. રાજકોટમાં ૨૦૦૨થી આ સેન્ટર ચાલે છે, અહીં જરૂર પડ્યે તાલીમની સુવિધા પણ છે.

ACCELERATE YOUR BUSINESS WITH US!

www.gujaratindustrialtimes.com

| લેઆઉટ | એડવર્ટાઈમેન્ટ | સાઇઝ | સમય મર્યાદા | ₹ |
|---|---|---|---|---|
| | હેડર એડ બેનર | H-87 X W-721 Pixel | 1 વર્ષ | 8,000 |
| | સાઈડ બાર એડ બેનર | H-250 X W-300 | 1 વર્ષ | 6,000 |
| | વિડીયો | HD | 1 વર્ષ | 5,000 |
| માર્કેટ | કંપની/પ્રોડ | આશરે ૨૦૦ થી ૩૦૦ શબ્દ | | |

ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ટાઈમ્સ
www.gujaratindustrialtimes.com
RNI No.GUJGUJ 17067(Govt of India)

Call: +91 9924 240334
/gujaratindustrialtimes

# Rangani Engineering

Rangani Engineering PVT. LTD., the emerging manufacturing and trading firm has become the most trusted entity in the industry offering Metal Flanges, Pipe Fittings, Baler Machines and many more.....



Scrap Metal Shearing Machine



Number Punching Machine



Heavy Duty Lathe Machine



Hydraulic Testing Machines



Ring Rolling Machine



Ring Rolling



Alloy castings investment casting



Paper Baling Press Machines

RANGANI
Engineering Since 1991

**Baler Machines**
Hydraulic CI Scrap Breaking Machine
Automatic Paper Baler Machine
Vertical Baler Machine
Hydraulic Scrap Baling Press
Hydraulic Baler Machine

**Baling Press Machines**
Industrial Baling Press Machine
Double Action Scrap Baling Press Machine
Triple Action Baling Press Machine
Double Action Baling Press Machine
Mild Steel Baling Press Machine

**Heavy Duty Lathe Machine**
Heavy Duty Lathe Machine

**Hydraulic Press Machines**
C Frame Hydraulic Press Machine
4 Column Hydraulic Press Machine
Hydraulic Press Machine
H Frame Hydraulic Press Machine
50 Ton Hydraulic Press Machine

**Hydraulic Testing Machines**
Hydraulic Testing Machines

**Investment Casting**
Alloy Castings
Investment Cast Parts
Precision Investment Casting
Stainless Steel Investment Castings
Stainless Steel Castings

**Metal Flanges**
Alloy Steel Flanges
Weld Neck Flanges
Long Weld Neck Flanges
ASME Flanges
Socket Weld Flanges

**Number Punching Machine**
Number Punching Machine

**Paper Baling Press**
Paper Baling Press Machine

**Press Machines**
Hydraulic Deep Drawing Press Machine
Forging Press Machine
Deep Drawing Press Machine
Triple Compression Press Machine

**Ring Rolling Machine**
Ring Rolling Machine

**Shearing Machine**
Scrap Metal Shearing Machine

**Steel Rings**
Rolled Rings

**Address:** Survey No. 258, Plot No. 5 To 11, NH-8B, Gondal Road, Near Priyesh Cotton, Shapar, Dist. Rajkot-360024, Gujarat, India
**Visit Us:** ranganiindia.com.**Mail Us:** mail@ranganiindia.com **Call Us:**+91 80009 20222

# AWARDS WINNERS JAMNAGAR DISTRICT

## Cable Glands And Brass Inserts

| Name of Award | Name of Company | Products/Services | City |
|---|---|---|---|
| **The Best Company of The Year-2024** (Under Cable Glands And Brass Inserts Jamanagar Dist.Saurastra Region,Gujarat Category) | Parth Manufactures & Supply | Cable Glands And Brass Inserts | Jamnagar |

## Brass Components

| Name of Award | Name of Company | Products/Services | City |
|---|---|---|---|
| **The Best Company of The Year-2024** (Under Brass Components, Jamanagar Dist.Saurastra Region,Gujarat Category) | Decent Metal Products | Brass Battery Terminals | Jamnagar |

## Upvc Pipes & Fittings

| Name of Award | Name of Company | Products/Services | City |
|---|---|---|---|
| **The Best Company of The Year-2024** (Under UPVC and CPVC Pipes & Fittings, Jamanagar Dist.Saurastra Region,Gujarat Category) | Vignor Plast India Pvt.Ltd. | VIGOR Brand UPVC and CPVC Pipes & Fittings | Jamnagar |

# શ્રી ત્રિભુવનદાસ ગજ્જર

## કેળવણીકાર સુપ્રસિદ્ધ રસાયણશાસ્ત્રી ઉચ્ચ કોટિના શિક્ષક તથા ભારતીય રસાયણ–ઉદ્યોગના આદ્ય પ્રવર્તક

**પ્રોફેસર ગજ્જરે પ્લેગની દવા શોધી એનું નામ આયોડીન ટર્કોલાઈડ. આ દવા અક્સીર નીવડી અને તેનાથી લાખો માણસોનો જીવ બચ્યો.**



**શ્રી** ત્રિભુવનદાસ ગજ્જર ૧૮૬૩માં સુરતમાં જન્મ્યા. ગુજરાતના કેળવણીકાર, સુપ્રસિદ્ધ રસાયણશાસ્ત્રી, ઉચ્ચ કોટિના શિક્ષક તથા ભારતીય રસાયણ–ઉદ્યોગના આદ્ય પ્રવર્તક. સૂરતમાં વૈશ્ય સુથાર જ્ઞાતિના અગ્રેસર ગણાતા કુટુંબમાં તેમનો જન્મ થયેલો. માતા ફૂલકોરબહેન. મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી રસાયણશાસ્ત્ર સાથે બી.એ. તથા એમ.એ. થયા બાદ તેઓ થોડો સમય કરાંચીમાં તથા ત્યાર બાદ વડોદરાની કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે જોડાયા. વડોદરામાં તેમણે છાપકામ તથા રંગાટીકામની પ્રયોગશાળા શરૂ કરી. રંગવિદ્યા અંગે ‘રંગરહસ્ય નામનું ત્રિમાસિક શરૂ કર્યું હતું.

વડોદરાના રાજવી શ્રીમંત સયાજીરાવે ગજ્જરની સલાહથી ૧૮૯૦માં કલાભવનની સ્થાપના કરી. ત્યાં ગજ્જર આચાર્યપદે નિમાયા. ૭ વર્ષ સુધી કલાભવનમાં રહીને તેમણે ગુજરાતી ભાષામાં વિજ્ઞાનને લગતું સાહિત્ય ‘જ્ઞાનમંજૂષા’ અને ‘લઘુમંજૂષા’ શ્રેણીમાં તૈયાર કરવા માંડ્યું. આ કાર્ય માટે મહારાજાએ તેમને રૂ. ૫૦,૦૦૦નું અનુદાન પણ આપેલું. કલાભવનને ઔદ્યોગિક યુનિવર્સિટીમાં ફેરવવાની તેમની મહેચ્છા બર ન આવતાં વડોદરા છોડી તે ૧૮૯૬માં મુંબઈની વિલ્સન કૉલેજમાં રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે જોડાયા. દરમિયાન મુંબઈમાં મરકી ફાટી નીકળતાં તેમણે આયોડિન ટરક્લોરાઇડ નામની ઔષધિ શોધી કાઢી. આ દવાના હક માટેની પરદેશી કંપનીઓની મોટી રકમની ઑફરો તેમણે નકારી કાઢી અને આ ઔષધનું રહસ્ય આમજનતા માટે ખુલ્લું કર્યું. ૧૯૦૦માં મુંબઈમાં ગિરગામ ખાતે એક ટૅક્નિકલ પ્રયોગશાળા સ્થાપી, જે ભારતની રાષ્ટ્રીય પ્રયોગશાળાઓની પુરોગામી ગણાય. જૂનાં નિસ્તેજ થઈ ગયેલાં મોતીને પુનઃ ચકચકિત કરવા માટેની રાસાયણિક પ્રક્રિયા પણ તેમણે શોધી કાઢી. આ શોધ દ્વારા તેઓ ઘણું કમાયા અને આ બધી કમાણી તેમણે રસાયણવિજ્ઞાનના પ્રચારમાં ખર્ચી. હસ્તાક્ષર–નિષ્ણાત તરીકે મેળવેલી આવક ત્રિભુવનદાસ પ્રયોગશાળાને ખીલવવામાં વાપરતા. પિતા કલ્યાણદાસ ગજ્જર જબરા શિલ્પી. કાષ્ઠ અને પથ્થર બંને પર એ બારીક કોતરકામ, ઘડતર કરી શકે. કામ કરે ત્યારે નાનકડા દીકરાને ય બેસાડે. નક્શીકામમાં ધીરજલ એકાગ્રતા અને ચીવટ જોઈએ. ભણતા દીકરામાં આ આવ્યું. પ્રાથમિક શાળામાં અને હાઈસ્કૂલમાં ત્રિભુવન ક્યારેય પ્રથમ નંબર અને ઈનામ ના ગુમાવે. સુરતમાંથી મેટ્રિકમાં સારા માર્ક્સ લાવીને તે મુંબઈની એલ્ફિસ્ટન કોલેજમાં જોડાયા. કોલેજમાં થયેલા તેમના મિત્રો પછીનાં વર્ષોમાં ખૂબ જાણીતા થયા હતા. કાયદાવિદ્દ ચીમનલાલ સેતલવાડ અને સાહિત્યકાર કેશવ હર્ષદ ધ્રુવ તેમાં હતા. ૧૮૮૨માં તેઓ ૭૫ ટકા સાથે સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ નંબરે બીએસ.સી. થયા. કોલેજે તેમને ફેલો બનાવ્યા. તેઓ રસાયણશાસ્ત્ર અને પદાર્થવિજ્ઞાન શીખવતા અને સાથે સાથે એમએસ.સી. કરતા હતા. ભણતી વખતે એમણે ‘હિંદની ગરીબાઈ’નું દાદાભાઈ નવરોજીએ લખેલું પુસ્તક વાંચ્યું. હિંદની ગરીબાઈ તેમને ખટકી અને તે નિવારવા કોઈ નક્કર કામ કરવાનું વિચારતા થયા.

૧૮૮૪માં તેઓ પ્રથમ વર્ગ સાથે એમ.એસ.સી. થયા. તેમની ઝળહળતી શૈક્ષણિક પ્રતિભા અને પ્રતિષ્ઠાને કારણે સામે ચાલીને તેમને બે જગ્યાએથી નોકરીની ઓફર મળી. સિંધમાં કરાચીની કોલેજ તેમને માસિક ૩૦૦ રૂપિયા પગાર આપવાની હતી તો વડોદરાના મહારાજા તેમને ૨૦૦ રૂપિયાનો પગાર આપવા તૈયાર હતા. જે જમાનામાં ૧૮થી ૨૦ રૂપિયે તોલો સોનું મળતું ત્યારની આ વાત. ત્રિભુવનદાસને હિંદની ગરીબી દૂર કરવામાં ભાષણોને બદલે હુન્નરઉદ્યોગ એ જ સાચો રસ્તો છે એમ દેખાતું હતું. મહારાજની પ્રતિષ્ઠા હુન્નરપ્રેમીની હોવાથી તેમણે ઓછો પગાર હોવા છતાં વડોદરામાં નોકરી સ્વીકારી.ત્રિભુવનદાસની વિદ્યા અને ધગશથી સયાજીરાવ મહારાજા રાજી થયા. ખેતીવાડીના અભ્યાસ માટે ઈંગ્લેન્ડ મોકલવા તૈયારી બતાવી પણ ત્રિભુવનદાસને માત્ર વિજ્ઞાન અને હુન્નરમાં રસ હોવાથી તેમણે વિવેકપૂર્વક આમંત્રણ ન સ્વીકાર્યું. સયાજીરાવે આ પછી તેમને રંગાટીકામ અને છાપકામના વિકાસની જવાબદારી સોંપી. ત્રિભુવનદાસે આ માટેની પ્રયોગશાળા શરૂ કરી. કપડાં રંગવા રંગરેજ અને ભાવસારને રાખ્યા. જર્મનીમાંની મોટી ફેક્ટરીઓ સાથે સંબંધ બાંધ્યા. જાણકારી મેળવી અને તે પ્રકારની તાલીમ આપવાનું શરૂ કયુ

સયાજીરાવે કલાભુવન શરૂ કરીને તેની જવાબદારી પણ ત્રિભુવનદાસને સોંપી. ત્રિભુવનદાસની રાત–દિવસની મહેનત, જ્ઞાન અને ચીવટથી કલાભુવન વિક્સ્યું. અહીં ભાતભાતના અભ્યાસક્રમ શરૂ કર્યા. સુથારીકામ, લુહારીકામ, ચિત્રકામ, મકાનનું બાંધકામ, વણાટકામ, રંગકામ શીખવાનું અને રંગ અને રસાયણશાસ્ત્રનું તલસ્પર્શી જ્ઞાન અપાતું

# ACCELERATE YOUR BUSINESS WITH US!

www.gujaratindustrialtimes.com

| લેઆઉટ | એડવર્ટાઈમેન્ટ | સાઈઝ | સમય મર્યાદા | ₹ |
|---|---|---|---|---|
|  | હેડર એડ બેનર | H-87 X W-721 Pixel | 1 વર્ષ<br>6 માસ | 8,000<br>6,000 |
|  | સાઈડ બાર એડ બેનર | H-250 X W-300 Pixel | 1 વર્ષ<br>6 માસ | 6,000<br>4,000 |
|  | વિડીયો<br>એડવર્ટાઈઝમેન્ટ | HD | 1 વર્ષ<br>6 માસ | 5,000<br>6,000 |
| માર્કેટ પ્રમોશન લેખ | કંપની/પ્રોડક્ટ્સ પરિચય લેખ | આશરે ૨૦૦ થી ૩૦૦ શબ્દ કંપની/પ્રોડક્ટ્સ ફોટોગ્રાફ સાથે પરિચય લેખ વેબસાઈટ તેમજ ઈ-મેગેઝિનમાં કંપની વેબસાઈટ લિંક સાથે | | 8,000 |

ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ટાઈમ્સ

www.gujaratindustrialtimes.com

RNI No.GUJGUJ 17067(Govt of India)

**VirginView Info.& Ad.Media**

**Advertisement Booking & Enquiry**

**Call: +91 99242 40334**

/gujaratindustrialtimes



ત્રિભુવનદાસ હુન્નર ઉદ્યોગ કરી શકાય એવા શિક્ષણને મનથી ચાહતા હતા. ગરીબી નિવારણનો એ જ એકમાત્ર રસ્તો છે એવું માનતા. તે ગરીબ વિદ્યાર્થીઓને પોતાને ઘરે રાખતા, આર્થિક મદદ કરતા અને જમાડતા. આને કારણે તેઓ ખૂબ લોકપ્રિય થયા. અદેખા અમલદારોને ત્રિભુવનદાસ ના ગમતા. તેમણે તેમના કામમાં થાય તેટલી દખલ કરવા માંડી. સ્વમાની ત્રિભુવનદાસ આથી કંટાળ્યા, થાક્યા અને રાજીનામું આપીને મુંબઈ ગયા. મુંબઈની વિલ્સન કોલેજમાં રસાયણશાસ્ત્રના પ્રોફેસર બન્યા. તેમની શીખવવાની

**મુંબઈમાં પ્લેગ ફાટી નીકળ્યો. માણસો મોટા પ્રમાણમાં મરવા લાગ્યાં. તે જમાનામાં પ્લેગની કોઈ દવા ન હતી. પ્રોફેસર ગજ્જરે પ્લેગની દવા શોધી**

પદ્ધતિ અને જ્ઞાનથી વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો ખુશ થયા. પ્રોફેસર ગજ્જરની નામની વધી. તે જમાનામાં રસાયણશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર બંને ભેગાં હતાં. તેમણે બંને અલગ કરવા ખૂબ મહેનત કરી. બંને અલગ થતાં રસાયણશાસ્ત્રનો વિકાસ થયો.

મુંબઈમાં પ્લેગ ફાટી નીકળ્યો. માણસો મોટા પ્રમાણમાં મરવા લાગ્યાં. તે જમાનામાં પ્લેગની કોઈ દવા ન હતી. પ્રોફેસર ગજ્જરે પ્લેગની દવા શોધી એનું નામ આયોડીન ટર્કોલાઈડ. આ દવા અક્સીર નીવડી અને તેનાથી લાખો માણસોનો જીવ બચ્યો. ડોક્ટરોએ દવા વખાણી. કેટલાકે પેટન્ટ લઈ લેવા માટે પ્રોફેસર ગજ્જરને કહ્યું કે જેથી બીજા કોઈ એ દવા બનાવીને કમાઈ ન લે. પ્રોફેસર ગજ્જર માનવતાવાદી હતા. પૈસાના લોભી ન હતા. એમને પૈસા કરતાં માણસો વધારે વહાલા હતા. એમણે દવાની પેટન્ટ ના લીધી. મુંબઈમાં મહારાણી વિક્ટોરિયાનું પૂતળું હતું. કોઈકે આ પૂતળાંને કાળું કર્યું. પૂતળાને ઘસીને રંગ કાઢવાનો પ્રયત્ન થાય તો પૂતળાંને નુકસાન થાય. રંગ કાઢવો શી રીતેઙ કોઈ આ માટે તૈયાર ના થયું. પ્રોફેસર ગજ્જરે પોતાના રસાયણવિદ્યાના જ્ઞાનના ઉપયોગથી એ કાળાશ કાઢી અને પોતે પ્રતિષ્ઠાથી ઊજળા થયા.

લોકોએ સરકારે અને છાપાંએ તેમને વખાણ્યાં. પ્રોફેસર ગજ્જરે ટેકનો–કેમિકલ લેબોરેટરી સ્થાપી. ત્યાં વૈજ્ઞાનિક સંશોધનો અને પ્રયોગ થતા. આમાં કામ કરીને દેશને ઉપયોગી થાય તેવા

**જીવન ઝરમર**

- મ.સ. યુનિ. વડોદરાના કલાભવનના સ્થાપક પ્રિન્સીપાલ
- વડોદરા કોલેજમાં રસાયણશાસ્ત્રના પ્રોફેસર
- મુંબઈની વિલ્સન કોલેજમાં રસાયણશાસ્ત્રના પ્રોફેસર
- "રંગરહસ્ય" નામક ત્રિમાસિકનું સંપાદન.
- રંગ-રસાયણ ક્ષેત્રે પ્રયોગો કરી વિશ્વપ્રસિદ્ધ થયા.
- વિજ્ઞાનના અઘરા વિષયોના પુસ્તકોનો ગુજરાતીમાં અનુવાદ કર્યા.

કેટલાક વૈજ્ઞાનિકો મળ્યા. આ પ્રયોગશાળામાંથી પ્રોફેસર ગજ્જર તે જમાનામાં લાખો રૂપિયા કમાયા. ભારતના જાણીતા વૈજ્ઞાનિક સર પ્રફુલ્લચંદ્ર પ્રોફેસર ગજ્જરનાં સંશોધનોથી પ્રસન્ન થયા હતા. ગુજરાત આજે દેશભરમાં ઔષધ ઉત્પાદન ક્ષેત્રે મોખરે છે. તેનો યશ પ્રોફેસર ગજ્જરને ઘટે છે. ગુજરાતમાં ઔષધ ઉત્પાદનની પ્રથમ ફેક્ટરી તે વડોદરામાં એલેમ્બિક. તેની સ્થાપનામાં ભાઈલાલભાઈ અમીન સાથે કોટિ ભાસ્કર હતા. આ કોટિ ભાસ્કર પ્રોફેસર ગજ્જરના વિદ્યાર્થી હતા. જાણીતા સમાજવાદી અશોક મહેતાના પિતા અને જે રણજીતરામ ચંદ્રકથી ગુજરાતી સાહિત્યકારોને નવાજાય છે તે રણજીતરામ વાવાભાઈ મહેતાએ પ્રોફેસર ગજ્જરના અંગત મંત્રી તરીકે કામ કર્યું હતું. આ રણજીતરામ મહેતાને લોકકલ્યાણ માટે કલ્યાણગ્રામ બનાવવાની યોજના કરવાની જવાબદારી તેમણે સોંપી હતી. આ યોજના દ્વારા સ્વાવલંબનથી ગરીબી દૂર કરવાનો હેતુ હતો. કૌટુંબિક વિખવાદોમાં યોજના અટવાઈ જતાં અમલી ન બની.તેમના પરમ મિત્ર અને ભૂતપૂર્વ વિદ્યાર્થી કોટિ ભાસ્કરનું અવસાન થયું અને તે જ અરસામાં પત્નીનું પણ અવસાન થયું. આનો ત્રિભોવનદાસ ગજ્જરને જબરો આઘાત લાગ્યો. હતાશામાં વ્યવસાય પર ધ્યાન ના રહ્યું અને આર્થિક સ્થિતિ ડામાડોળ થઈ. તેમણે પોતાની સંપત્તિ નેશનલ મેડિકલ કોલેજને ભેટ આપી અને ૧૯૨૦માં તેમનું અવસાન થયું. ઉત્તમ આદર્શો અને માનવ કલ્યાણનાં સપનાં ધરાવતાં પ્રોફેસર ગજ્જર માનતા કે હું વિજ્ઞાન ભણ્યો પણ વ્યવહારમાં એ જ્ઞાન મને ઉપયોગી ના થાય તો એવા જ્ઞાનનો શું? અર્થવિજ્ઞાનને હું જાણું એટલું જ બસ નથી. એનો ઉપયોગ માનવતાના હિતમાં કરવો જોઈએ.

મહાત્મા ગાંધીએ પ્રોફેસર ગજ્જરને કહ્યું હતું આપના કોઈ કાર્ય નિષ્ફળ ગયાં નથી. આપનું કાર્ય સંગીન છે અને સમગ્ર ગુજરાતનું જિવન ઘડવામાં અનોખો ફાળો છે. આવા પ્રોફેસર ગજ્જર ગુજરાતના વિકાસના પાયાના પથ્થર હતા.

# AWARDS WINNERS SURENDRANAGAR DISTRICT

## Auto components

| Name of Award | Name of Company | Products/Services | City |
|---|---|---|---|
| **The Best Company of The Year -2024** (Under Auto Components Category, Surendranagar Dist., Saurashtra Region,Gujarat Category) | Vaishali Auto Engineering | Auto components | Surendranagar, |

## Bearing

| Name of Award | Name of Company | Products/Services | City |
|---|---|---|---|

## Ceramic Colours

| | | | |
|---|---|---|---|
| **The Best Company of The Year -2024** (Under Bearing Category,Proprietorship Firm, Surendranagar Dist., Saurashtra Region,Gujarat Category) | Shree Purushottam Industries | All Kind of Bearings SPI Brand | Surendranagar |
| **The Best Company of The Year -2024** (Under Ceramic Colours Mfg. , Thangadh Dist.Surendranagar, Saurashtra Region,Gujarat Category) | Sunny Cera Colours | Ceramic colours For Sanitarywares,Floors & Wall | Thangadh |

## Packaging

| | | | |
|---|---|---|---|
| **The Best Company of The Year -2024** (Under Packaging Category, Surendranagar Dist., Saurashtra Region,Gujarat Category) | Silver Pack Industries | Plain and Printed BOPP Self Adhesive Packing Tapes | Wadhwan |

## Pharma

| | | | |
|---|---|---|---|
| **The Best Company of The Year -2024** (Under Phrma. Category, Surendranagar Dist., Saurashtra Region,Gujarat Category) | Sava Healthcare Ltd. | Pharmaceuticals, Herbal and Animal Healthcare products. | Wadhwan |

# Rangani Engineering

Rangani Engineering PVT. LTD., the emerging manufacturing and trading firm has become the most trusted entity in the industry offering Metal Flanges, Pipe Fittings, Baler Machines and many more.....



Scrap Metal Shearing Machine



Number Punching Machine



Heavy Duty Lathe Machine



Hydraulic Testing Machines



Ring Rolling Machine



Ring Rolling



Alloy castings investment casting



Paper Baling Press Machines

RANGANI
Engineering Since 1991

**Baler Machines**
Hydraulic CI Scrap Breaking Machine
Automatic Paper Baler Machine
Vertical Baler Machine
Hydraulic Scrap Baling Press
Hydraulic Baler Machine

**Baling Press Machines**
Industrial Baling Press Machine
Double Action Scrap Baling Press Machine
Triple Action Baling Press Machine
Double Action Baling Press Machine
Mild Steel Baling Press Machine

**Heavy Duty Lathe Machine**
Heavy Duty Lathe Machine

**Hydraulic Press Machines**
C Frame Hydraulic Press Machine
4 Column Hydraulic Press Machine
Hydraulic Press Machine
H Frame Hydraulic Press Machine
50 Ton Hydraulic Press Machine

**Hydraulic Testing Machines**
Hydraulic Testing Machines

**Investment Casting**
Alloy Castings
Investment Cast Parts
Precision Investment Casting
Stainless Steel Investment Castings
Stainless Steel Castings

**Metal Flanges**
Alloy Steel Flanges
Weld Neck Flanges
Long Weld Neck Flanges
ASME Flanges
Socket Weld Flanges

**Number Punching Machine**
Number Punching Machine

**Paper Baling Press**
Paper Baling Press Machine

**Press Machines**
Hydraulic Deep Drawing Press Machine
Forging Press Machine
Deep Drawing Press Machine
Triple Compression Press Machine

**Ring Rolling Machine**
Ring Rolling Machine

**Shearing Machine**
Scrap Metal Shearing Machine

**Steel Rings**
Rolled Rings

**Address:** Survey No. 258, Plot No. 5 To 11, NH-8B, Gondal Road, Near Priyesh Cotton, Shapar, Dist. Rajkot-360024, Gujarat, India
**Visit Us:** ranganiindia.com.**Mail Us:** mail@ranganiindia.com **Call Us:**+91 80009 20222